PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/કવા–૦૨/૧૭–૧૮/ 8878 તા. 11-10-17.

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભગવાનજીભાઈ દેવજીભાઈ પટેલ,
C/O, વિપુલભાઈ હીરજીભાઈ પટેલ,
ઉદય નગર –૧, શેરી નં.–૧, ૨
સત્કાર સ્કુલ પાસે
રાજકોટ
મો: ૯૯૭૮૭ ૧૪૬૮૫

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૫/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૫/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૨૬–૦૯–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ભગવાનજીભાઈ દેવજીભાઈ પટેલ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વિપુલભાઈ હરજીભાઈ સોરઠીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓને માહે મે–જુન– ૨૦૧૭ નુ, ૨૬૫૮ યુનીટ નુ રૂ.૨૦,૬૫૮/– નુ વીજબીલ અપાયેલ છે. તેમજ, અગાઉ ના ૦૨ વીજબીલ ફોલ્ટી મીટર ના સરેરાશ બીલ બનાવેલ છે. આમ, તેઓના વીજ ઉપકરણો ની સાપેક્ષ મા ૦૨ માસ નો વીજવપરાશ ૨૬૫૮ યુનીટ નો શકય ન હોય, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી – અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ નં. : ૩૦૬૦૮/૧૨૩૫૪/૪ ના મીટર ના માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ અને માહે માર્ચ–એપ્રીલ– ૧૭ ના બીલીગ મા મીટર રીડર દ્વારા ફોલ્ટી મીટર નુ બીલ અપાયેલ હતુ. ત્યારબાદ, તા.૦૮–૦૬–૧૭ ના રોજ મીટર બદલવામા આવેલ, જેનુ મીટર ટેસ્ટીગ તા.૧૨–૦૬–૧૭ ના રોજ મીટર ની ચકાસણી કરતા જુના મીટર ના રીડીગ ૬૬૯૫ જણાયેલ હતા. અને લેબોરેટરી ના રોજકામ મા જણાવ્યા મુજબ , મીટર ની વધુ ચકાસણી માટે કંપની મા મોકલાવેલ હતુ. |
| ૨.૨ | માહે મે–જુન– ૧૭ ના બીલીગ મા મીટર રીડર દ્વારા – જુના મીટર ના છેલ્લા રીડીગ ૬૬૯૫ ગણીને ૨૬૫૮ યુનીટ ના વીજવપરાશ નુ બીલ બનાવેલ હતુ. અરજદાર શ્રી ના જોડાણ નુ સદર મીટર – જે મીટર ( મીટર નં.: ૦૧૬૧૯ ૬૪૭) – જે એચ.પી.એલ. મેઈક કંપની ને મોકલાવેલ હતુ. એચ.પી.એલ. મેઈક કંપની દ્વારા પીજીવીસીએલ ને તા.૧૩–૦૬–૧૭ ના રોજ – સદર મીટર ફોલ્ટી હોવાનુ જણાવાયેલ છે. આમ, સદર મીટર ફોલ્ટી જાહેર થયેલ છે. |
| ૨.૩ | ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને ફોલ્ટી મીટર સબબ ની જે કઈ રકમ – તેમના ખાતામા કંપની ના નિયમ મુજબ આપવાની થતી હતી. તે તમામ રકમ પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રી ના બીલીગ ખાતામા રૂ.૪,૬૪૮/૨૯ જમા આપવામા આવેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે , બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ્લ મુદદા ન. ૨.૧, ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના બીલીગ ખાતામા ફોલ્ટી મીટર સબબ ની રકમ – રૂ.૪,૬૪૮/૨૯ જમા આપવામા આવેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબતે ની અરજદાર શ્રી ને ફોરમ કમિટી ની મીટીગ મા પીજીવીસીએલ દ્રારા રૂબરૂ જાણકારી અપાયેલ છે. |

<u>મુદદા નં.—૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કઇસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. તેમજ હવે પછી ના વીજબીલ મા અરજદાર શ્રી ના બીલીગ ખાતામા તે રકમ જમા થયેલ છે, તે બાબત ની જાણકારી અરજદાર શ્રી ને અપાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ) , ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.